NAVSARI AGRICULTURAL UNIVERSITY

# સંશોધન નિયામકશ્રીની કચેરી

## નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી

**ડૉ.એ.એન.સાબલપરા**
**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦, ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
૨૮૨૭૭૧ થી ૭૫ એક્સ.૧૩૨
ફેક્સ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/પ્લાયો/નોન રીકરીંગ/ ૬૫૨૬–૫૮ /૨૦૧૨ તા. ૦૯/૦૫/૨૦૧૨

**રીમાઈન્ડર–૧**

પ્રતિ,
........................
........................
........................
........................

**વિષય :–** પ્લાન યોજના સદરે ચાલુ/નવી યોજનામાં ચાલુ નાણાંકીય વર્ષ માટે બજેટમાં પ્રપોઝ કરેલ નોન રીકરીંગ સાધનોના જસ્ટીફીકેશન બાબત...

**સંદર્ભઃ–** અત્રેની કચેરીના જા.નં.નકૃયુ/સંનિ/ાયોજન/પ્લાયો/નોન રીકરીંગ/૫૪૬૨–૯૧/૧૨ તા.૧૧/૪/૧૨

સવિનય ઉપરોકત વિષય પરત્વે ખાસ ધ્યાન દોરતા જણાવવાનું કે આપના સીધા નિયંત્રણ હેઠળના વિભાગોએ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રમાં પ્લાન યોજના અંતર્ગત ચાલુ યોજના અને રજુ કરેલ નવી યોજનાઓમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ માટે યોજનાવાર નોન રીકરીંગ સદરે લેબ ઈકવીપમેન્ટ અને ફાર્મ સાધનોની જરૂરિયાત દર્શાવી ખરીદવા માટે પ્રપોઝ કરવામાં આવેલ છે. પરંતુ દર્શાવેલ સાધનોની યાદી પત્રકમાં નીચે મુજબની પૂર્તતા કરવા વિનંતી છે.

(૧) સાધન વિભાગમાં ઉપલબ્ધ છે કે કેમ ? જો હોય તો કયા વર્ષે, કેટલી કિંમતે ખરીદવામાં આવેલ, કેટલા વર્ષ સુધી ઉપયોગમાં લઈ શકાશે, મેઈન્ટેનન્સ માટે શું વ્યવસ્થા તેમજ તેના ઉપયોગ થકી કેટલા વિદ્યાર્થીઓ/કર્મચારીઓ ઉપયોગ કરશે, આ સાધન થકી શિક્ષણ, સંશોધન અનેવિસ્તરણ શિક્ષણ ક્ષેત્રે મળેલ પરિણામોમાં કેટલો ફાળો રહેશે, વપરાશ માટે લોગબુક રાખવામાં આવેલ છે કે કેમ ?

(૨) વિભાગમાં આ સાધન હોય તેમ છતાં વધારાના સાધન તરીકે લેવાનું હોય તો જે છે તે સાધનની વાર્ષિક વપરાશ અને વધુ લેવાનું સ્પષ્ટ કારણ દર્શાવવું.

(૩) સાધનની શિક્ષણ ક્ષેત્રે પ્રાયોગિક અભ્યાસક્રમ માટે સ્નાતક/અનુસ્નાતક વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં રાખી જરૂરિયાત દર્શાવી અંદાજીત વાર્ષિક વપરાશના સમયગાળા સાથે સ્પષ્ટતા કરવાની રહેશે.

(૪) સાધનોની યાદીમાં અંદાજીત કિંમત આડેધડ દર્શાવવામાં આવે છે. તેને બદલે સ્પેશીફીક જુદા જુદા ફંકશન અને મોડલ સાથેની માર્કેટ પ્રાઈસની જાણકારી મેળવી કિંમત દર્શાવવાની રહેશે.

(૫) વિભાગ હેઠળ કાર્યરત પ્લાન યોજના સિવાય નોન પ્લાન, આઈસીએઆર તરફથી સ્ટ્રેન્ધનીંગ એન્ડ ડેવલોપમેન્ટ ઓફ કબગ એજયુકેશન, એઆઈસીઆરપી તથા આરકેવીવાય, હોર્ટીકલ્ચર મિશન, એનએઆઈપી તેમજ અન્ય અધર એજન્સીનાં પ્રોજેકટોમાં આ સાધનો ખરીદવામાં આવેલ નથી તેમ જણાવવાનું રહેશે.

(૬) સંશોધન યોજનામાં નકકી કરેલ હેતુઓ ધ્યાનમાં રાખી કયા ફંકશન માટે સાધનની જરૂરિયાત અને આ ફંકશનનો ખેતી તેમજ વ્યવસાયને સંલગ્ન કયા પ્રકારનો ફાળો રહેશે તે વિગતો સ્પષ્ટ થવી જોઈએ.

(૭) વિસ્તરણ શિક્ષણ દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી માટે આયોજીત થનાર ઓન કેમ્પસ ઓફ કેમ્પસનાં જુદાજુદા કાર્યક્રમો અને તેમાં આ સાધનો ભાગ લેનારની સંખ્યા સાથે કેટલા ઉપયોગી બનશે તેની વિગતો આપવી જોઈએ.

(૮) નોન રીકરીંગ સાધનોની યાદીમાં સાધન સામે જસ્ટીફીકેશન હશે તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા નોન રીકરીંગ સદરે ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહિ.

ઉપરોકત વિગતોની પૂર્તતા ધ્યાનમાં લઈ પ્લાન યોજના સદરે ચાલુ યોજના અને નવી યોજનામાં ખરીદવા માટે પ્રપોઝ કરેલ નોન રીકરીંગ સાધનોની યાદી જસ્ટીફીકેશન સાથે દિન–૫ માં મોકલી આપવા સંદર્ભપત્રથી જણાવવામાં આવેલ. તેમ છતાં આપના વિભાગ/કેન્દ્રની માહિતી મળવામાં નથી. તો આ માહિતી સમયમર્યાદામાં મોકલવામાં વિલંબ થશે તો આપના વિભાગ/કચેરીને નોન રીકરીંગ સાધનોની જરૂરિયાત નથી તેમ ગણી નોન રીકરીંગ ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહિ. જે જાણ સારૂં.

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**